# વીમેદારનો Covid-19 ની સારવારનો ક્લેમ વીમા કંપનીને વ્યાજસહિત ચૂકવી આપવાનો ગ્રાહક કમિશનનો આદેશ

**ગ્રાહક મંચ**

★ શ્રેયસ દેસાઇ (એડવોકેટ)



વીમેદારનો RTPCR રીપોર્ટ નેગેટીવ હોવાથી CT સ્કેન રીપોર્ટ ફેફસાંમાં 55 થી 58% જેટલું ઇન્ફેકશન ફેલાયેલું હોવાનું જણાવતો હોવા છતાં વીમેદારને કોવિડ-19 ની બીમારી ન હોવાનું અનુમાન કરી કોવિડની સારવાર સંબંધિત ક્લેમ નામંજૂર કરનાર વીમા કંપનીને અત્રેની સૂરત જિલ્લા ગ્રાહક કમિશન(મેન)એ ફરિયાદી વીમેદારને ક્લેમની રકમ રૂ. 1,53,321/- વાર્ષિક 9% લેખેના વ્યાજ સહિત ચૂકવી આપવાનો આદેશ આપતો હુકમ કર્યો હતો.

અંજુબેન પરસોત્તમભાઇ સભાયા (ફરિયાદી) એ ફ્યુચર જનરલી ઇન્ડિયા ઇન્શ્યોરન્સ કંપની લિ. (સામાવાળા) વિરૂધ્ધ અત્રેના સુરત જિલ્લા કમિશન સમક્ષ એડવોકેટ શ્રેયસ દેસાઇ મારફત કરેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ફરિયાદીએ સામાવાળા પાસેથી મેડીક્લેમ અંગેની પોલીસી લીધેલી. જે પોલીસી તા. 22/07/2020 થી તા. 02/05/2021 ના સુધી સમય માટેની રૂ. 5,00,000/- સમ એસ્યોર્ડની ખરીદેલ. જે પોલીસી અસ્તિત્વમાં હતી. તે સમય દરમ્યાન ફરિયાદીને શારીરિક તકલીફ જણાતાં તા. 26/03/2021 ના રોજ સુરતમાં આવેલ SIMS SURAT INSTITUTE OF MEDICAL SCIENCE માં અંદરના દર્દી તરીકે દાખલ કરવામાં આવેલ અને જયાં ટેસ્ટ અને રીપોર્ટ અનુસાર ફરિયાદીનું કોવિડ-19 હોવાનું નિદાન થયેલ. જરૂરી સારવાર આપ્યા બાદ તા. 31/03/2021 ના રોજ હોસ્પિટલમાંથી ફરિયાદીને રજા આપવામાં આવેલ હતી. જેનો સારવારનો ખર્ચ રૂા. 1,53,321/- થયેલો. જે અંગે ફરિયાદીએ સદર ખર્ચ મેળવવા માટે સામાવાળા વીમા કંપની સમક્ષ ક્લેમ ફોર્મ રજૂ કરેલ. સદર ક્લેમ ફોર્મ સામાવાળા વીમા કંપની દ્વારા પ્રોસેસ કરતાં ફરિયાદીનો ક્લેમ તા. 11/05/2021 ના રોજ નામંજૂર કરેલ. આમ, સામાવાળાઓએ ગંભીર બેદરકારી, અનફેર ટ્રેડ પ્રેકટીસ તથા સેવામાં ખામી દાખવેલ હોઇ, તેથી ફરિયાદીએ નારાજ થઇ ગેરકાયદેસર રીતે ન ચૂકવાયેલ ક્લેમની રકમ રૂ 1,53,321/- વ્યાજ સહિત મેળવવા માટે ગ્રાહક કમિશન સમક્ષ ફરિયાદ આપેલ. રીજેકશન લેટર અનુસાર સદર કેસમાં ફરિયાદીનો ક્લેમ નામંજૂર કરવા માટે સામાવાળા વડે આપવામાં આવેલ કારણ એવું હતું કે સામાવાળાઓના દાવા અનુસાર સદર કેસમાં ફરિયાદીનો RTPCR ટેસ્ટ નેગેટીવ હતો એટલે ફરિયાદી વીમેદારને કોવિડની બીમારી ન હોવાનું અનુમાન વીમા કંપનીએ કરેલ હતું.

**વીમેદાર-દર્દીનો CT Scan Report ફેફસાંમાં 55 થી 58% ઇન્ફેકશન દર્શાવતો હોવા છતાં RTPCR Report નેગેટીવ હોવાથી કોવિડની બીમારી ન હોવાનું અનુમાન કરીને વીમા કંપનીએ ક્લેમ નામંજૂર કર્યો હતો**

ફરિયાદી તરફે દલીલો કરતા એડવોકેટ શ્રેયસ દેસાઇ દ્વારા જિલ્લા કમિશન સમક્ષ રજૂઆત થયેલ હતી કે ફરિયાદીનું નિદાન ચોક્કસપણે કોવિડ-19 નું છે, તે ગવર્મેન્ટ ઓથોરાઇઝ્ડ ડાયગ્નોસ્ટીક સેન્ટરમાં પ્રમાણિત થયું હતું. ફરીયાદીને આશરે 55થી 58 % ફેફસાંમાં કોવિડની બીમારી ફેલાયેલી હતી. તેવો તા. 26/03/2021 નો સીટી સ્કેન રીપોર્ટ છે, તેવી મેડિક્લ પેપર્સમાં નોંધ હતી. કોવિડની બીમારીની ગંભીરતાને ધ્યાને લેતા અને સીટી સ્કેનમાં ફેફસાંના 55 થી 58 % ભાગમાં બીમારી ફેલાયેલી હોવાની નોંધ ધ્યાને લેતા સદર કેસમાં RTPCR નેગેટીવ હોવાની હકીકતને મહત્ત્વ આપી શકાય નહીં. કોવિડની બીમારીમાં ઘણા બધા કેસમાં RTPCR નેગેટીવ હોવા છતાં દર્દીને ગંભીર કોવિડની બીમારી હોવાના કિસ્સાઓ મેડિકલ સાયન્સ અનુસાર નોંધાયા છે. આ સંજોગોમાં સદર કેસમાં ફરિયાદીને કોવિડ હોવા અંગે કોઇ શંકા રહેતી નથી. કોવિડની મહામારીની ગંભીરતા અને અસાધારણતા ધ્યાને લેતા આ પ્રકારના તમામ કેસમાં RTPCR પોઝિટિવ હોય તો અને માત્ર તો જ દર્દીને કોવિડની બીમારી છે તેમ તારણ કાઢવું અયોગ્ય તેમ જ અમાનવીય છે. સદર કેસમાં સામાવાળાઓની ફરજ બને છે કે આવી ગંભીર બીમારીના સમયે કોઇ ટેક્નિકલ વાંધાને ધ્યાને ન લઇને પોતાના ગ્રાહકને શ્રેષ્ઠ સેવા આપે.

સૂરત જિલ્લા ગ્રાહક કમિશન (મેન) પ્રમુખ ન્યાયાધીશ પી.પી. મેખીયા અને સભ્ય ડૉ. તીર્થેશ મહેતાએ આપેલ હુકમમાં સામાવાળા વીમા કંપનીએ ખોટી અને ગેરવ્યાજબી રીતે કલેમની રકમ કપાત કરેલ હોવાનું ઠરાવી ફરિયાદીને રૂ. 1,53,321/- ફરિયાદની તારીખથી એટલે કે તા. 31/07/2021 થી 9 % વ્યાજ સાથે તેમજ માનસિક ત્રાસ, હેરાનગતિ તથા અગવડના તથા ખર્ચના મળીને રૂ. 5000|- ચૂકવવાનો સામાવાળાને આદેશ આપતો હુકમ કર્યો હતો.

**-:: કેન્ડલ લાઇટ ::-**

ગુલાબી આંખની રંગીની શીશામાં નથી હોતી,
નજરમાં હોય છે મસ્તી તે મદિરામાં નથી હોતી.
- 'આસિમ' રાંદેરી

# દુનિયાનું એક એવું ઝાડ, જે કરે છે પક્ષીઓની હત્યા, ડાળ પર બેસતા જ રામ રમી જશે

મોટા ભાગના છોડ પરાગણ માટે પક્ષીઓ અને કીડાઓ પર નિર્ભર રહે છે. છોડ હવાના મીઠા રસનો સુગંધ છોડ છે, જેને પક્ષી અને કીડા ખાય છે. એટલા માટે ઘણા પક્ષી તેના તરફ આકર્ષિત થાય છે. પણ ધરતી પર એક ઝાડ એવું પણ છે, જે પક્ષીઓનો જીવ લઈ લે છે. આ ઝાડ પોતાની ડાળીઓને માળા બનાવવા માટે નાના પક્ષીઓને લલચાવે છે અને જ્યારે પક્ષી તેની ડાળીઓ પર બેસે છે, તો તેને ચિકણા બિયારણ તેની પાંખોમાં ચોંટી જાય છે. પરિણામે તે એટલા ભારે થઈ જાય છે તે થોડા સમય બાદ તે જમીન પર પડી જાય છે અને ભૂખથી મરી જાય છે. અથવા તો શિકારીઓ દ્વારા તેને ખાઈ જવામાં આવે છે. એટલા માટે આ છોડને પક્ષીઓનો હત્યારા કહેવામાં આવે છે. પક્ષીઓને મારવા માટે આખી દુનિયામાં બદનામ આ ઝાડનું નામ પિસોનિયા પ્લાન્ટ છે. તેને પક્ષીઓને પકડતું અથવા બર્ડ કેચર પણ કહેવાય છે. તેના બિયારણ ખૂબ લાંબા હોય છે, જે મોટી જેલી જેવી ચાદરથી ઢંકાયેલા હોય છે. તે ખૂબ જ ચિકણા હોય છે. તેમાં એક નાનું એવું હુક પણ હોય છે. જે લગભગ કોઈ પણ વસ્તુ સાથે આસાનીથી ચોંટી જાય છે. તેના બિયારણ ખૂબ જ આસાનીથી ઝુમખામાં ઉગે છે. દરેક ઝૂમખામાં એક ડઝનથી લઈને બસોથી વધારે બિયારણ હોય છે. જ્યારે પણ કોઈ પક્ષી આ ઝાડની ડાળી પર બેસે છે, ત્યારે ઝાડ પોતાના બિયારણ ફેલાવાના ચક્કરમાં આ પક્ષીની પાંખ પર ચોંટી જાય છે. બાદમાં તેના કારણે પક્ષીનું મોત થઈ જાય છે.



પિસોનિયા ઝાડમાં વર્ષમાં બે વાર ફુલ આવે છે. આમ તો કેરેબિયન ટાપુ પર ઉગતા આ પ્લાન્ટ સમુદ્રી પક્ષીઓ માટે ઘાતક હોય છે. જ્યારે સમુદ્રી પક્ષીઓ માળો બનાવવા માટે પિસોનિયા પર બેસે છે, અને જ્યારે તેના બચ્ચા ઈંડામાંથી નીકળે છે. તો સમુદ્રી પક્ષીને મજબૂત હોવાના કારણે તે ઉડી જાય છે. પણ આ નાના બચ્ચા ચિકણા ઝૂમખામાં ફસાઈ જાય છે. થોડા બિયારણ પણ જો તેમના પર પડે તો પણ તે મરી જાય. તે ઉડી શકતા નથી અને નીચે પડી જાય છે.

ઘણી વાર તો તે ઝાડ પર જ મરી જાય છે. તેમની લાશો ડાળીઓ પર લટકતી જોવા મળે છે. નવાઈની વાત એ છે કે આટલું ખતરનાક હોવા છતાં પણ કેટલીય સમુદ્રી પક્ષી પિસોનિયાના ઝાડ પર બેસવાનું પસંદ કરે છે. તે તેના પર માળા બનાવે છે. બચ્ચા પેદા કરે છે. યૂએસ ફિશ એન્ડ વાઈલ્ડલાઈફ સર્વિસના વન્યજીવ વિજ્ઞાની બેથ ફ્લિંટ કહે છે કે, એવું પિસોનિયાનું ઝાડ ભાગ્યે જ જોવા મળશે, જ્યાં પક્ષીઓ ન બેઠા હોય.